**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૨૭/૧૧/૨૦૧૭ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૩૮૦/૧૭**

**દાણીલીમડા પોલીસ સ્ટેશન :**

**કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :**

## પેરોલ ફરારી તથા વોન્ટેડ આરોપી પકડ્યા બાબત

### કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

આજરોજ પોલીસ કમિશ્નર એ.કે.સીંગ સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નર અશોકકુમાર યાદવ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર સુશ્રી શ્વેતા શ્રીમાળી સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર દિપક વ્યાસ સાહેબ નાઓ ના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી વી.આર.ચૌધરી નાઓની સુચના હેઠળ સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઇ એન.પી.મારૂ તથા પોકો શૈલેષ ચમનભાઇ નાઓની સંયુક્ત બાતમી આધારે સર્વેસ્કોડ ના સ્ટાફના માણસો સાથે કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુરન ૧૬૩/૨૦૧૭ ઇપીકો કલમ ૩૦૭, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪,તથા જીપીએ ૧૩૫(૧) તથા આર્મ એક્ટ ૨૫(૧,બી,એ) ના કામે તથા પેરોલ ફર્લો ના કામ નો નાસતો ફરતો આરોપી જયેન્દ્ર રાજેન્દ્રસીગ રાજપુત.ઉંવ ૨૭,રહે બી/૪૫ શીરોમણી સોસાયટી, બાપા સીતારામચોક, કૃષ્ણનગર, અમદાવાદ મુળગામ લિલાહટી,તા ચક્કનનગર,જી ઇટાવા,રાજ્ય મધ્યપ્રદેશ, નાને આજ તારીખ ૨૫/૧૧/૨૦૧૭ ના કલાક ૨૦/૩૦ વાગે બાપા સીતારામ ચોક પાસે,સહજાનંદ સ્કુલની પાસે.શીરોમણી સોસા પાસે. તેની હોંડા શાઇન મોટર સાયકલ GJ 01 ST 8546 ઉપર આવતા પકડી લીધેલ,અને આરોપી પાસેથી મોબાઇલ ફોન નંગ ૧ કિરુ ૧૦૦૦/ તથા મોસા.કિરુ ૨૫૦૦૦/ તથા સીમકાર્ડ નંગ ૫ કિરુ ૦૦/૦૦ તથા રોકડ રુ ૨૨૦/ મળી કુલ્લે કિરુ ૨૬૨૨૦/ ની મતા ના મુદામાલ સાથે પકડાઇ ગયેલ હોય,સદરી આરોપી વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરેલ છે. તારીખ ૨૫/૧૧/૨૦૧૭.

(૧) કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુરન ૧૬૩/૨૦૧૭ ઇપીકો કલમ ૩૦૭, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪,તથા જીપીએ ૧૩૫(૧) તથા આર્મ એક્ટ ૨૫(૧,બી,એ)

(૨) કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુરન ૯૮/૨૦૧૭ ઇપીકો કલમ ૩૨૩,૩૨૪,૨૯૪(ખ),૧૧૪,તથા જીપીએ ૧૩૫(૧)

(૩) પેરોલ ફર્લો ફરાર (કાચા કેદી નં ૫૭૭૬/૨૦૧૫)



**<u>વેજલપુર પોલીસ સ્ટેશન :</u>**

સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર ૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન ૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એમ" ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અસામાજીક પ્રવુતી અટકાવવા સારુ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અન્વયે પોલીસ ઈન્સ્પેકટર એ.વી.પટેલ તથા એ.યુ.ટાપરીયા અને સ્ટાફના માણસોએ અત્રેના વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા તથા અમદાવાદ શહેર વિસ્તારમા શરીર સંબંધી ગુનાઓમા સંડોવાયેલ આરોપી સરફરાજ ઉર્ફે મુછછડ ઉર્ફે મોઈન સ/ઓ જાવેદભાઈ ઉર્ફે અંડો શેખ ઉ.વ-૨૦ ધંધો-નોકરી રહે:- સી/૧૧ અજીમપાર્ક, વિભાગ-૧, એકતા મેદાન પાસે, ગોકુલધામ પાછળ, જુહાપુરા, અમદાવાદ શહેર નાઓના વિરુધ્ધમા શરીર સંબંધી ગુનાઓ નોંધાયેલ હોય સદરી આરોપી વિરુધ્ધ પુરાવા એકત્ર કરી મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર સમક્ષ પાસા દરખાસ્ત સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ નં પીસીબી/ડીટીએન/પાસા/૯૦૧/૧૭ તા.૨૪/૧૧/૨૦૧૭ થી હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને આજરોજ તા.૨૬/૧૧/૨૦૧૭ ના કલાક ૧૪/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી "ખાસ જેલ,પાલારા,ભુજ" ખાતે પાસા અટકાયતી ને જરુરી જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરવામા આવેલ છે તા.૨૬/૧૧/૧૭

## **નવરંગપુરા પોલીસ સ્ટેશન :**

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ સેકટર-૧ સાહેબ શ્રી નાઓએ સેકટર -૧ વિસ્તારમાં માં ચાલતા સ્પા માં વિદેશી છોકરીઓ લાવી તેઓની પાસે નોકરી કરાવી અને મહેનતાણાં પેટે નાણાં ચુકવતા હોઇ જેવી બાતમી ઇમીગ્રેશન વિભાગ તરફથી મળેલ હોઇ જે આધારે પોલીસ ટીમો બનાવી અલગ અલગ વિસ્તારમાં રેડો કરતા જે પૈકી અત્રેના નવરંગપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ નવરંગપુરા સી.જી.રોડ તનીષ્ક જ્વેલર્સની બાજુમાં બાલાજી હાઇટસ બિલ્ડીંગમાં આવેલ દુકાન નં-૧૦૬ માં ચાલતા "વેલનેસ સ્પા" ખાતે ઇમીગેશન અધિકારીશ્રી નાઓને સાથે રાખી પોલીસ ટીમે રેડ કરતા સદરી જગ્યાએ ઉપેંન્દ્ર સ/ઓ વૈધનાથ સુખદેવ દાસ રહે.૦૦૪,વૈજનાથ એપાર્ટમેંટ ધનવિહાર સોસાયટીની સામે,ચાંદખેડા,અમદાવાદ શહેર નાઓ મળી આવેલ જેઓ વિદેશી છોકરીઓ ટુરીસ્ટ વિઝા/બિઝનેશ વિઝા ઉપર ભારત (અમદાવાદ) ખાતે આવેલ હોવાનું જાણતા હોવા છતા પોતાના આર્થીક લાભ સારૂ સદરી છોકરીઓને નોકરી પર રાખી પકડાઇ ગયેલ હોય સદરીની વિરૂધ્ધમાં નવરંગપુરા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં-૩૨૬૩/૨૦૧૭ ફોરેનર્સ એમેન્ટમેન્ટ ૨૦૦૪ ની કલમ ૧૪(એ)બી,૧૪ (સી) મુજબનો ગુન્હો દાખલ કરવામાં આવેલ અને આ કામના આરોપીને તા,૨૫/૧૧/૨૦૧૭ ના કલાક ૨૧/૩૦ વાગે પકડી અટક કરવામાં આવેલ અને આ કામના આરોપીએ તપાસમાં સહકાર ન આપતા આરોપીની વધુ કસ્ટડીની જરૂરીયાત હોય આરોપીને નામદાર કોર્ટમાં મુદત અંદર રજુ કરી પોલીસ કસ્ટડી રીમાન્ડની માંગણી કરતા નામદાર કોર્ટે આરોપીને તા,૨૭/૧૧/૨૦૧૭ ના કાલાક ૧૬/૦૦ વાગ્યા સુધીના પોલીસ કસ્ટડી રીમાન્ડ પર સોપેલ છે. સદરી આરોપીની વધુ પુછપરછ ચાલુ છે. અને સદર ગુન્હાની તપાસ સેકન્ડ પોલીસ ઇન્સપેકટર જે.પી. પવાર નવરંગપુરા પોલીસ સ્ટેશન નાઓ ચલાવી રહેલ છે.સદર ગુન્હાની તપાસ ચાલુ છે.

**વેજલપુર પોલીસ સ્ટેશન :**

## લોડીંગ રીક્ષા તથા મો સા ચારી કરતી ગેગના માણસને પકડી લોડીંગ રીક્ષા તથા મો સા મળી કિ રુ ૨,૨૦,૦૦૦/નો મુદામાલ રીકવર કરતી વેજલપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

આજરોજ નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન ૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમીશ્નર સાહેબ શ્રી એમ ડિવીઝન નાઓની સુચના આધારે તેમજ અમોએ કરેલ માર્ગદર્શન હેઠળ વાહન ચોરી તથા ઘરફોડ ચોરીના ગુન્હા બનતા અટકાવવા સારુ તેમજ બનેલ મીલ્કત સંબધી બનાવો શોધી કાઢવા સારુ તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવા સારુ પો સબ ઇન્સ ડી આર ગઢવી સા તથા બીજા સ્ટાફના માણસો સાથે પો સ્ટે સાથે પો સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના પો કોન્સ પ્રવિણભાઇ દેવાભાઇ બનં ૪૩૫૮ તથા પો કોન્સ મયુરસિહ ધર્મેન્દ્રસિહ બનં ૫૬૪૪ નાઓને સંયુકત બાતમી હકિકત આધારે આરોપીઓ નામે (૧) રાજુભાઇ રમેશભાઇ રાયસંગભાઇ દેવીપુજક ઉવ ૨૩ રહે ખેડા કેમ્પ ઠાકોરવાસ બજારીયા જોગણી માતાના મંદીરની બાજુમાં ખેડા તા ખેડા જી અમદાવાદનાનો હોવાનુ જણાવેલ તથા બીજા ઇસમનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ (૨) ગોવિંદભાઇ બુધાભાઇ આત્મારામ દેવીપુજક ઉવ ૨૫ રહે ગામ બહ્યાલ ઇન્દ્રનગર ભારત કાંટા પાસે બહ્યાલ તા દહેગામ જી ગાંધીનગર નાઓના કબ્જામાંથી અતુલ કંપનનીની લોડીંગ રીક્ષા જેનો આર ટી ઓ નંબર GJ-27-W-9181 જેનો એન્જી નં A7G112132 તથા ચેચીસ નં MCG50CCDKH1768451 જેની કિમત રુ ૨,૦૦,૦૦૦/ ની મતાનો મુદામાલ **વેજલપુર પો સ્ટે ફસ્ટ ગુ ર નં ૨૧૭/૧૭ ધી ઇ પી કો કલમ ૩૭૯,૧૧૪** મુજબના કામે કબ્જે કરેલ તથા **ગાંધીનગર સેકટર-૭ પો સ્ટે ફસ્ટ ગુ ર નં ૨૬૬/૧૭ ધી ઇ પી કો કલમ ૩૭૯,૧૧૪** મુજબના ગુન્હાના કામે એક પેશન પ્રો મો સ નં GJ-02-CB-0295 જેનો એન્જી નં HA10ETFHC80150 તથા ચેચીસ નં MBLHA10BJFHC50736 જેની કિમત રુ ૨૦,૦૦૦/ ના મતાનો મુદામાલ મળી ઉપરોક્ત બંન્ને ગુન્હાના કામે કુલ્લે રુ **૨,૨૦,૦૦૦/**ની મતાનો રીકવર કરી ઉપરોકત આરોપીઓને સદર ગુન્હાના કામે આજરોજ તા ૨૬|૧૧|૨૦૧૭ ના કલાક ૧૫|૩૦ વાગે અટક કરી પ્રશનીય તથા ઉમદા કામગીરી કરેલ છે

## ખાડીયા પોલીસ સ્ટેશન

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સ્પેશ્યલ પો.કમી.શ્રી સેક્ટર-૧ સાહેબનાઓ તથા ના.પો.કમી.શ્રી ઝોન-૩ તથા એ.સી.પી શ્રી "ઇ" ડિવીઝન સાહેબનાઓ તરફથી આગામી વિધાનસભા ચૂંટણી ૨૦૧૭ અનુસંધાને અમદાવાદ શહેરના નસતા ફરતા આરોપીઓ તથા તડીપાર ઇસમોને પકડવાના તથા પેરોલ-ફર્લો વચગાળાના જામીન પોલીસ જાપ્તા ફરારી કેદીઓને પકડવા અંગે આપેલ સુચના આધારે અમો સિનીયર પોલીસ ઇન્સપેક્ટર ખાડીયા પો.સ્ટે.નાઓના માર્ગદર્શન આધારે પો.સબ.ઇન્સ. કે.એચ.ચૌધરી તથા સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન અત્રેના ખાડીયા પો.સ્ટે.વિસ્તારમાં રહેતો અને મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમ નં-પી.સી.બી/૬૯૫/૧૦૭/૨૦૧૬ તા.૦૩/૦૮/૨૦૧૬ ના હુકમ આધારે અમદાવાદ શહેર તથા અમદાવાદ શહેરને અડીને આવેલા જીલ્લાઓમાં પ્રવેશ ન કરવા થયેલ તડીપાર ઇસમ અત્રેના ખાડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ છે. વિગેરે મતલબની બાતમી હકીકત સાથેના પો.કો. યોગેંદ્રસિંહ રઘુવીરસિંહ બ.ન.-૧૪૭૮ નાઓને મળતા જે બાતમી હકીકત આધારે સદરી ઇસમની તપાસ કરતા મળી આવેલ હોય જેને આજરોજ તા.૨૬/૧૧/૧૭ ના રોજ પકડી તેની વિરુધ્ધમાં જી.પી.એક્ટ કલમ ૧૪૨ મુજબ ફરીયાદ દાખલ કરી અટક કરવામાં આવેલ છે. તા. ૨૬/૧૧/૨૦૧૭.

## વટવા પોલીસ સ્ટેશન

ઇગ્લીશદારૂ બોટલ નંગ ૫૭૬ ભરી વહન કરતા ૪૦૭ ટેમ્પો સાથે કુલ્લે મુદામાલ કિ.રૂ ૪,૪૦,૫૦૦/- ની મતાની સાથે બે ઇસમોને ઝડપી પાડતી વટવા પોલીસ

મે.પોલીસ કમીશ્નરશ્રી તથા મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સાહેબની સુચના આધારે તેમજ નાયબ પો.કમી.શ્રી ઝોન ૬ સાહેબ તથા મ.પો.કમીશ્રી જે ડીવીઝન અમદાવાદ નાઓના માર્ગદર્શન હેઠળ તા.૨૬/૧૧/૧૭ ના રોજ પો.કો વાહીદખાન અમીઉલ્લાખાન બ નં-૮૩૧૧ તથા નરેશભાઈ ઈશ્વરજી બ નં-૪૩૩૨ તથા પો.કો નરેન્દ્રકુમાર મફતલાલ બ નં-૪૭૨૯ તથા પો.કો મહેન્દ્રભાઈ રમેશદાન બ નં-૯૫૫૨ નાઓ સાથે વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીગમા હતા જે દરમ્યાન કલાક-૨૦/૪૫ વાગે રોપડા ચાર રસ્તા પર આવતા હે.કો શૈલેન્દ્રસિંહ બટુકસિંહ બનં ૯૨૫૩ નાઓની ખાનગી બાતમી હકિક્ત આધારે પોલીસ ઇન્સપેકટર બી જે સરવૈયા તથા પોસઇ એ બી ભટ્ટ નાઓ સાથે ટીમ બનાવી રોપડા ચાર રસ્તા વોચ ગોઠવી ટાટા-૪૦૭ ટેમ્પો જેનો આર ટી ઓ નં-જીજે-૦૫-યુ-૩૫૫૭ કોર્ડન કરી રોકી ઇગ્લીશદારૂ રોયલ સીલેક્ટ ડીલક્ષ વ્હીસ્કી ઇંગ્લીશદારૂની સીલબંધ બોટલ નંગ-૫૭૬ કિ.રૂ.૨,૮૮૦૦૦/- મળી કુલ્લે રૂપિયા ૪,૪૦,૫૦૦/- ના મુદામાલ સાથે અનિલભાઈ સ/ઓ કાળુભાઈ જાતે મકવાણા ઉવ ૧૯ ધંધો-ડ્રાઈવિગ રહે ગામ-ખરેડી તા-દાહોદ જીલ્લો-દાહોદ તથા નરેશભાઈ સ/ઓ કાંતીભાઈ જાતે-સોલંકી ઉવ-૨૧ ધંધો-સુટક મંજુરી રહે ગામ-વરોડ પો.સ્ટે-લીમડી તા-ઝાલોદ જીલ્લો-દાહોદ નાઓ દાહોદ નાઓને ઝડપી જેઓની વિરુધ્ધ પ્રોહી કલમ ૬૬(બી), ૬૫એ.ઈ, ૧૧૬(બી),૮૧ ૯૮(૨) મુજબ ગુનો રજીસ્ટર કરી આગળની વધુ તપાસ હાથ ધરવામા આવેલ છે.

## <u>સુરક્ષા સેતુ રથ:</u>

ગોમતીપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી ગોમતીપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ




નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.